# ‘પતિ પત્ની ઔર વો દો’ – એક સરેરાશ રમૂજી ડ્રામા




ટી-સિરીઝ ફિલ્મ્સ અને બી.આર. સ્ટુડિયોઝની ‘પતિ પત્ની ઔર વો દો’ (UA) એ ‘પતિ પત્ની ઔર વો’ સિરીઝની ત્રીજી ફિલ્મ છે. આ ફિલ્મમાં પત્ની ઉપરાંત અન્ય બે છોકરીઓ છે, જેની સાથે હીરોનું અફેર હોવાનો આક્ષેપ છે.

પ્રજાપતિ પાંડે(આયુષ્માન ખુરાના) એક બહાદુર ફોરેસ્ટ ઓફિસર છે જે અપર્ણા ત્રિવેદી(વામિકા ગબ્બી) સાથે સુખી લગ્નજીવન જીવી રહ્યો છે. તે પ્રયાગરાજમાં રહે છે. તેની આસિસ્ટન્ટ નિલોફર(રકુલ પ્રીત સિંહ) છે જે અપર્ણા સાથે ખૂબ જ મૈત્રીપૂર્ણ સંબંધ ધરાવે છે. એક દિવસ, તેની કોલેજની મિત્ર ચંચલ કુમારી(સારા અલી ખાન) બનારસથી તેની પાસે આવે છે. તે મુશ્કેલીમાં છે કારણ કે તેના બોયફ્રેન્ડના પિતા અને રાજકારણી ગજરાજ તિવારી (તિગ્માંશુ ધુલિયા) તેની પાછળ પડ્યા છે, કારણ કે તે નીચલી જાતિની છે. પોતાના નિયંત્રણ બહારની પરિસ્થિતિઓને કારણે, પ્રજાપતિ ચંચલ કુમારીને મદદ કરવાની તેની યોજના વિશે તેની પત્નીને કહી શકતો નથી. ચંચલ કુમારીને મદદ કરવા માટે પ્રજાપતિની બનારસની વારંવારની મુલાકાતો તેના જીવનમાં હોબાળો મચાવી દે છે. કોઈક રીતે, નિલોફર પણ આ અફેરની બાબતમાં ખેંચાઈ આવે છે. અસંખ્ય ગેરસમજો પછી, આખરે સત્ય બધાની સામે આવે છે.

મુદસ્સર અઝીઝે એક રસપ્રદ વાર્તા લખી છે જે ભલે તદ્દન નવી ન હોય, પરંતુ તે એટલી રમુજી ચોક્કસ છે કે જે હાસ્ય જન્માવી શકે. રવિ કુમાર અને મુદસ્સર અઝીઝ દ્વારા લિખિત પટકથા (સ્ક્રીનપ્લે) ફિલ્મના પ્રથમ ભાગમાં ખૂબ જ મનોરંજક અને જકડી રાખનારી છે. જો કે, ઇન્ટરવલ પછીના ભાગ માટે એવું કહી શકાય નહીં. આયુષ્માન ખુરાના સહજતાથી અભિનય કરે છે અને પ્રજાપતિ પાંડે તરીકે શાનદાર રીતે ઉભરી આવે છે. અન્ય કલાકારો પણ યોગ્ય સાથ આપે છે. મુદસ્સર અઝીઝનું દિગ્દર્શન પ્રશંસનીય છે પણ સંગીત નબળું છે. નીનાદ ખાનોલકરનું એડિટિંગ શાર્પ છે.

**મૂવી રિવ્યુ**
અમર સોલંકી દ્વારા

| | |
|---|---|
| ફિલ્મ | પતિ પત્ની ઔર વો દો |
| રેટીંગ | ★★☆☆☆ |
| એક લાઇનનો પ્રતિભાવ | કોમેડી ડ્રામાના ચાહકો એકાદવાર જોઇ શકે. |

# બેંગકોકમાં ટ્રેન અને બસ વચ્ચે જોરદાર ટક્કર, 8નાં મોત

**કાર્ગો** ટ્રેનની ટક્કરથી કેટલાય વાહનો ચગદાયા, બસમાં આગ લાગી



બેંગકોક, તા. 16 (AP) થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં શનિવારે એક ટ્રેન પબ્લિક બસ સાથે અથડાતાં ઓછામાં ઓછા આઠ લોકોનાં મોત થયાં હતાં. થાઈ સમાચાર અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે, આ અકસ્માત મોડી બપોરે સેન્ટ્રલ એરિયામાં આવેલા એક એરપોર્ટ રેલવે સ્ટેશન નજીક થયો હતો. શહેરની ઈમરજન્સી સેવાઓ, ઈરાવાન મેડિકલ સેન્ટરે જણાવ્યું કે, આ અકસ્માતમાં ઓછામાં ઓછા આઠ લોકોનાં મોત થયાં છે અને 20થી વધુ અન્ય લોકો ઘાયલ થયા છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા અકસ્માતની ક્ષણના ફૂટેજમાં જોવા મળ્યું છે કે જ્યારે એક કાર્ગો ટ્રેને નારંગી રંગની બસને ટક્કર મારી ત્યારે રેલવે ક્રોસિંગ પર વાહનોની લાંબી લાઇન હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે બસમાં આગ લાગી તે પહેલાં ટ્રેન પાટા પર નજીકનાં કેટલાંક વાહનોને પણ ઘસડી ગઈ હતી. ટક્કર બાદ મોટરસાઈકલ સવારો અને તેમની મોટરસાઈકલો રોડ પર ફેંકાઈ જતા પણ જોવા મળ્યા હતા. ત્યાર બાદના વીડિયોમાં જોવા મળ્યું કે આગ પર કાબૂ મેળવ્યા બાદ બચાવકર્મીઓનું એક જૂથ બળી ગયેલી બસની અંદર પ્રવેશી રહ્યું છે.

નાયબ પરિવહન પ્રધાન સિરીપોંગ અંગકાસાકુલકિયાતે અકસ્માત સ્થળે પત્રકારોને જણાવ્યું હતું કે, તમામ મૃતદેહો બસમાંથી મળી આવ્યા છે. પ્રધાને કહ્યું કે બસમાં કેટલા લોકો સવાર હતા તે હજી સ્પષ્ટ નથી થયું. જ્યારે એવા અહેવાલો વિશે પૂછવામાં આવ્યું કે બસ રેલવે ટ્રેક પર ઊભી રહી ગઈ હતી અને જ્યારે ટ્રેન પસાર થતી હોય ત્યારે વાહનચાલકોને ટ્રેકથી દૂર રાખવા માટે વપરાતા બેરિયર્સ (ફાટક) કદાચ યોગ્ય રીતે નીચે નહોતા નમ્યા, ત્યારે સિરીપોંગે કહ્યું કે આ મામલે હજી તપાસ કરવાની જરૂર છે.

એક પ્રત્યક્ષદર્શી કિટ્ટીપોંગ રક્ષાએ જણાવ્યું કે જ્યારે તેણે ટ્રેન પસાર થવાની હોવાનો સંકેત આપતું સિગ્નલ સાંભળ્યું ત્યારે તેણે પોતાની કાર ટ્રેનના પાટા નજીક પાર્ક કરી હતી. કિટ્ટીપોંગે કહ્યું, “મેં એક જોરદાર અવાજ સાંભળ્યો અને પછી બીજો. મેં મારી કાર સાથે કંઈક અથડાવાનો અવાજ સાંભળ્યો.” “પછી મેં ટ્રેનને બસને તેની સાથે ઘસડીને પસાર થતી જોઈ.”

# તાલીબાનોએ બાળ લગ્નોને કાયદેસર માન્યતા આપી

તાલિબાને એક વ્યાપક નવા કૌટુંબિક કાયદાના નિયમન હેઠળ બાળ લગ્નોને ઔપચારિક રીતે માન્યતા આપી છે, જે સગીરોને સંડોવતા લગ્નો માટેના નિયમો નક્કી કરે છે અને ‘કુમારી કન્યાઓ’ માટે ચોક્કસ માર્ગદર્શિકા સ્થાપિત કરે છે. પતિ-પત્ની વચ્ચેના અલગ થવાના સિદ્ધાંતો નામના ૩૧ પાનાના નિયમનમાં ધાર્મિક અને કાનૂની શરતોની એક લાંબી યાદી હેઠળ લગ્ન વિચ્છેદને સંચાલિત કરતા નિયમોની રૂપરેખા આપવામાં આવી છે. આ શરતોમાં બાળ લગ્ન, સ્તનપાનના સંબંધો, બળજબરીથી અલગ થવું, ગુમ થયેલા પતિ, ધર્મત્યાગ અને વ્યભિચારના આરોપોનો સમાવેશ થાય છે. ‘ખિયાર અલ-બુલુગ’ નામના વિભાગ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે, જે એક ઈસ્લામિક કાનૂની જોગવાઈ છે. આ જોગવાઈ બાળપણ દરમિયાન થયેલા લગ્નને, વ્યક્તિ જ્યારે પુખ્ત વયની થાય ત્યારે તેને રદ કરવાની મંજૂરી આપે છે. સ્વતંત્ર અફઘાન આઉટલેટ ‘આમુ ટીવી’ના જણાવ્યા અનુસાર, કલમ ૫ મુજબ, જો બાળકના લગ્ન તેના પિતા અથવા દાદા સિવાયના અન્ય સંબંધીઓ દ્વારા ગોઠવવામાં આવ્યા હોય, તો તે કાનૂની રીતે ત્યાં સુધી માન્ય રહેશે જ્યાં સુધી જીવનસાથી સામાજિક રીતે સુસંગત હોય અને મહરની રકમ યોગ્ય હોય. નિયમનમાં જણાવાયું છે કે બાળક પુખ્ત વયે પહોંચ્યા પછી લગ્ન રદ કરવાની માંગ કરી શકે છે, પરંતુ તે માત્ર કોર્ટના આદેશ દ્વારા જ થઈ શકે છે. વાલીઓ અત્યાચારી, ભ્રષ્ટ કે માનસિક રીતે અસ્થિર જણાય તો તેઓ પોતાના બાળકોના લગ્નો ગોઠવી નહીં શકે.

# પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલ 5 રૂપિયા સસ્તું થયું

**પેટ્રોલના** ભાવ 409.78 અને હાઇ-સ્પીડ ડીઝલ 409.58 રૂપિયા લીટર થયા

ઈસ્લામાબાદ, તા. 16

પાકિસ્તાન સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 5 રૂપિયા પ્રતિ લીટર (પાકિસ્તાની રૂપિયો)નો ઘટાડો કર્યો છે. આ ઘટાડા બાદ હવે પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમત 409.78 રૂપિયા પ્રતિ લીટર અને હાઈ-સ્પીડ ડીઝલની કિંમત 409.58 રૂપિયા પ્રતિ લીટર પર આવી ગઈ છે. નવી કિંમતો આજે એટલે કે 16 મેથી લાગુ થઈ ગઈ છે.

તાજેતરના દિવસોમાં સતત વધતી કિંમતો બાદ આ ઘટાડાથી મધ્યમ અને નિમ્ન-મધ્યમ વર્ગના બજેટને થોડો સહારો મળવાની આશા છે.

## પેજ 3

# કાન્યે વેસ્ટનો દિલ્હી કોન્સર્ટ કેન્સલ



નવી દિલ્હી, તા. 16 : ઇન્ટરનેશનલ રેપર કાન્યે વેસ્ટ (યે)નો ભારતમાં યોજાનારો કોન્સર્ટ કેન્સલ કરી દેવામાં આવ્યો છે. રેપરનો ભારતમાં આ પ્રથમ કોન્સર્ટ 23 મેના રોજ નવી દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં યોજાવાનો હતો. આ અગાઉ આ શો 29 માર્ચ માટે નક્કી કરવામાં આવ્યો હતો, જેને બાદમાં રીશેડ્યુલ કરાયો હતો. ઇવેન્ટ ઓર્ગેનાઇઝરે શુક્રવારે ઇન્સ્ટાગ્રામ પર એક નિવેદનમાં કોન્સર્ટ કેન્સલ કરવાની જાહેરાત કરી હતી. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, અધિકારીઓના નિર્દેશોને કારણે આ ‘લાઇવ ઇન ઇન્ડિયા’ ઇવેન્ટ યોજી શકાશે નહીં. ઓર્ગેનાઇઝરે જણાવ્યું કે, મહિનાઓની તૈયારીઓ બાદ આ ભારતમાં અત્યાર સુધીના સૌથી મોટા લાઇવ કોન્સર્ટ્સમાંથી એક હોવાનો હતો, પરંતુ વર્તમાન સંવેદનશીલ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને જાહેર સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવી છે.

## સા રે ગ મ — અનિલ આનંદ

### કોંગ્રેસને અકબર રોડ સ્થિત કાર્યાલયનો મોહ




ક્યારેક સૌથી શક્તિશાળી અને જૂના રાજકીય પક્ષો પણ મૂંઝવણ અને દ્વિધામાં ફસાઈ જતા હોય છે. ના, આ દ્વિધા કોઈ ગંભીર નીતિ વિષયક બાબતો કે સંગઠનાત્મક માળખામાં મોટા ફેરફારો કરવા વિશે નથી હોતી. આ મુદ્દો ઉપરછલ્લી રીતે સામાન્ય લાગી શકે છે, પરંતુ જો કોઈ વરિષ્ઠ નેતા તેની બીજી બાજુએ હોય, તો તેના ગંભીર અર્થો નીકળે છે. કોંગ્રેસ દિલ્હીમાં ૨૪ અકબર રોડ પર આવેલું તેનું કાર્યાલય ખાલી કરવામાં અચકાઈ રહી છે, જે લગભગ અડધી સદીથી તેમનું મુખ્યાલય રહ્યું છે. જોકે, પક્ષ હવે કોટલા માર્ગ પરની નવી બહુમાળી ઇમારતમાં સ્થળાંતરિત થઈ રહ્યો છે, પણ આ નિર્ણય લાગણીઓથી ભરેલો અને મુશ્કેલ હતો. હવે તેનાથી પણ મોટો પડકાર એ છે કે આ જૂનો બંગલો પોતાની પાસે કેવી રીતે રાખવો? આ માટેનો એકમાત્ર રસ્તો એક એવા દિગ્ગજ નેતાના ખભા પર ટકેલો છે જેઓ તેમના ‘અહંકાર’ માટે જાણીતા છે. આ ‘ટાઈપ-૮’ સરકારી બંગલો જાળવી રાખવા માટે કેટલાક લોકો સૂચવે છે કે તે કોઈ સાંસદના નામે ફાળવવામાં આવે. ભાજપે પણ તેના અશોક રોડ મુખ્યાલયને પોતાની પાસે રાખવા માટે આ જ દાવપેચ અપનાવ્યો હતો. તો પછી વિચારધારાના મતભેદો ગમે તેટલા હોય, પ્રતિસ્પર્ધીના રસ્તે કેમ ન ચાલવું? જોકે, કોંગ્રેસ સામે એક ગંભીર છતાં રમુજી સમસ્યા છે. આ મંત્રી કક્ષાનો બંગલો મેળવવા માટે પાત્રતા ધરાવતા એકમાત્ર સાંસદ પી. ચિદમ્બરમ છે. પક્ષમાં તેમનું નામ લેતા જ લોકો ફફડી ઊઠે છે.

### કેજરીવાલનો ‘વોર રૂમ’ અને પંજાબનું સંકટ



સામાન્ય રીતે ‘વોર રૂમ’ શબ્દ સાંભળતાં જ આપણને સરહદ પરના સશસ્ત્ર સંઘર્ષ અથવા દેશમાં કાયદો અને વ્યવસ્થાની ગંભીર સ્થિતિનો વિચાર આવે છે. પરંતુ રાજકારણના ક્ષેત્રમાં આ શબ્દના પોતાના અલગ અર્થ છે. શું આ કોઈ ઊભરી રહેલી રાજકીય પરિસ્થિતિ કે ચૂંટણીના દૃશ્યનો સંકેત આપે છે? કદાચ બંને. પરંતુ જ્યારે કોઈ રાજકીય પક્ષ આંતરિક સંકટનો સામનો કરી રહ્યો હોય ત્યારે પણ આ શબ્દ ચર્ચામાં આવે છે. અહીંથી જ ‘વોર રૂમ’ ની કલ્પના અમલમાં આવે છે. આમ આદમી પાર્ટી (આપ)ના સુપ્રિમો અરવિંદ કેજરીવાલ અત્યારે એવા સંકટમાં છે જે તેમના અને તેમના પક્ષના અસ્તિત્વને જોખમમાં મૂકી શકે છે. આનું તાત્કાલિક કારણ આપના સાત રાજ્યસભા સાંસદોનું પક્ષપલટો છે, જેની સીધી અસર પંજાબની એકમાત્ર બચેલી આપ સરકાર પર પડી રહી છે. તેથી, તેમણે ‘વોર રૂમ’ બનાવવાનો વિચાર રજૂ કર્યો છે. ભૂતકાળના આંચકાઓમાંથી શીખીને કેજરીવાલ હવે સાવધાનીપૂર્વક આગળ વધી રહ્યા છે. તેમણે ફરી એકવાર પંજાબમાં પોતાનો મુકામ બનાવ્યો છે, જ્યાં સરકાર જોખમમાં હોઈ શકે છે. પંજાબ વિધાનસભાની ચૂંટણીઓ પહેલા તેઓ પક્ષમાં વધુ કોઈ ભાગલા ઇચ્છતા નથી. આથી જ તેમણે ‘વોર રૂમ’ બનાવ્યો છે જ્યાં તેઓ ઇમરજન્સી મોડમાં અડધો ડઝન બેઠકો કરી ચૂક્યા છે.

### નિશાંતને લઈને ‘અશાંત’ નીતિશ કુમાર



આ અભિવ્યક્તિ આજકાલ રાજકીય વર્તુળોમાં, ખાસ કરીને બિહારમાં ખૂબ પ્રચલિત બની છે. આ મુદ્દો બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંત સાથે જોડાયેલો છે અને આ ‘અશાંતિ’નું કારણ નિશાંતની તેમના પિતાનો રાજકીય વારસો સંભાળવા માટેની તૈયારીનો અભાવ છે. નીતિશ કુમાર કદાચ એવા એકમાત્ર રાજકીય નેતા તરીકે જાણીતા હતા જેમણે ક્યારેય વંશવાદી રાજકારણને પ્રોત્સાહન આપ્યું નથી (ઓછામાં ઓછું પોતાના પરિવારમાં તો નહીં જ). પરંતુ હવે આ શબ્દ પ્રત્યે તેમનો નવો પ્રેમ જાગ્યો હોય તેવું લાગે છે.

ભારત કી જનગણના 2027 CENSUS OF INDIA — ગૃહ મંત્રાલય ભારત સરકાર

આપણી વસ્તીગણતરી, આપણો વિકાસ

(વસ્તીગણતરી ૨૦૨૭ નો પ્રથમ તબક્કો)

ભારત સરકાર દ્વારા મકાનયાદી અને મકાનોની વસ્તીગણતરી આપના રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે. આ પહેલાં, ૧૫ દિવસની એક વિશેષ સુવિધા આપવામાં આવી રહી છે જ્યાં તમે તમારી માહિતી જાતે જ ઓનલાઇન ભરી શકો છો.

હું પ્રગતિ છું — હું વિકાસ છું

સ્વ-ગણતરી

સરળ અને સુરક્ષિત ડિજિટલ સુવિધા

સ્વ-ગણતરી કેવી રીતે કરવી?

1. સત્તાવાર પોર્ટલ (se.census.gov.in) પર જાઓ.
2. તમારા મોબાઈલ નંબર પર OTP મેળવીને લૉગિન કરો.
3. તમારું રાજ્ય, જિલ્લો અને સ્થાનિક વિગતો પસંદ કરો.
4. ડિજિટલ નકશા પર તમારા ઘરનું સ્થાન ચિહ્નિત (માર્ક) કરો.
5. ઘર અને પરિવાર સંબંધિત માહિતી ભરો.
6. સબમિટ કર્યા પછી તમને એક SE ID મળશે.
7. આ SE ID ને સુરક્ષિત રાખો.
8. જ્યારે ગણતરીકાર તમારા ઘરે આવે ત્યારે તેમને આ SE ID આપો.
9. ગણતરીકાર આ માહિતીની પુષ્ટિ કરશે.

તેના ફાયદા :
સમયની બચત
સચોટ માહિતી
ઝડપી ડેટા પ્રોસેસિંગ

યાદ રાખોઃ સ્વ-ગણતરી એ એક વિશેષ સુવિધા છે.
જો તમે સ્વ-ગણતરી કરવા માટે અસમર્થ છો, તો ચિંતા કરશો નહીં; નિયત સમયગાળા દરમિયાન માહિતી નોંધવા માટે એક ગણતરીકાર ચોક્કસપણે તમારા ઘરે આવશે.
તમારી તમામ માહિતી સંપૂર્ણપણે ગુપ્ત અને સુરક્ષિત રહેશે.

ગુજરાત
સ્વ-ગણતરી ૧૭મી મે થી ૩૧મી મે
મકાનયાદી ૧લી જૂન થી ૩૦મી જૂન

આવો, આપણે આપણી જવાબદારી નિભાવીએ અને વસ્તી ગણતરીમાં ભાગ લઈએ

ટોલ ફ્રી નંબરઃ ૧૮૫૫ — CensusIndia2027

CBC 19108/13/0108/2627